
ગુજરાતમિત્ર
મંગળવાર ૩ ફેબ્રુઆરી, ૨૦૨૬

# આસપાસ ચોપાસ

આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!

**પુના ગ્રામ પંચાયતમાં ઉશ્કેર ખુર્દ ગામનો પણ સમાવેશ, ગામમાં ચૌધરી, રાઠોડ, પારસી, પટેલ તથા રાજપૂત સમાજના લોકોનો સમાવેશ, પુના ગામની કુલ વસતી 2268, મોટા ભાગના રહેવાસીઓ શિક્ષિત**



ટાઉન ટોક

# માંડવી નગરથી માત્ર 4 કિમીના અંતરે આવેલું રમણીય ગામ એટલે પુના

### ગામમાં કઈ રીતે જઈ શકાય?

ફોટો: પુના ગામ
માંડવી તાલુકાના પુના ગામથી ઉન, કોસાડી, ખંજરોલી, ગામતળાવ, ઉમરસાડી અને કમલાપોર જેવાં અનેક ગામોમાં જવા માટે સરળ અને સુવ્યવસ્થિત માર્ગ વ્યવસ્થા ઉપલબ્ધ છે. ઉપરાંત ઉન-કોસાડી માર્ગ દ્વારા હરિપુરા, કડોદ તથા બારડોલી તરફ જવા માટે પણ સરળ રસ્તો આવેલો છે.




માંડવી નગરથી માત્ર 4 કિમીના અંતરે આવેલું રમણીય ગામ એટલે પુના. હાઈવે પરથી મુખ્ય રસ્તા દ્વારા ગામમાં પ્રવેશ કરતા જ ગુણવત્તાયુક્ત ડામર રોડ નજરે પડે છે. પીવાના પાણી તેમજ ખેતી માટેની સિંચાઈની સુવિધા ઉપલબ્ધ હોવાથી અહીંના લોકોનું જીવનસ્તર એકંદરે સુખાકારીયુક્ત છે. આ સુવિધાઓને કારણે પુના ગામ પૂર્ણ વિકાસની દિશામાં ધીમે ધીમે પરંતુ દ્રઢ પગલે આગળ વધી રહ્યું છે. પુના ગામની કુલ વસતી 2268 છે. પુના ગ્રામ પંચાયત હેઠળ નાનકડું ઉશ્કેર ખુર્દ ગામ પણ સમાવેશ પામે છે. પુના ગામનો ભૌગોલિક વિસ્તાર 459-47-00 હેક્ટર છે, જ્યારે ઉશ્કેર ખુર્દ ગામનો વિસ્તાર 251-68-54 હેક્ટરનો છે. પુના ગામ મુખ્યત્વે ખેતી પર આધારિત છે અને અહીં ખેડૂતોની કુલ સંખ્યા 482 છે. ગોચર જમીનની વાત કરીએ તો પુના ગામમાં 15-22-00 હેક્ટર અને ઉશ્કેર ખુર્દ ગામમાં 16-78-44 હેક્ટર ગોચર જમીન ઉપલબ્ધ છે. રહેણાકની દૃષ્ટિએ પુનામાં કુલ 518 ઘર અને ઉશ્કેર ખુર્દમાં 183 ઘર આવેલાં છે. મતદાર સંખ્યાની વાત કરીએ તો પુનામાં 931 અને ઉશ્કેર ખુર્દમાં 235 મતદાર નોંધાયેલા છે. સ્વચ્છ ભારત અભિયાનને સફળ બનાવતા પુના ગામમાં 498 ઘરોમાં શૌચાલયની સુવિધા ઉપલબ્ધ છે. ગામમાં કુલ ત્રણ આંગણવાડી કાર્યરત છે. ધાર્મિક આસ્થાના પ્રતીકરૂપે અહીં ભીડભંજન હનુમાન મંદિર, મહાકાળી માતાનું મંદિર તેમજ શિવમંદિર આવેલાં છે. ગામમાં એકતા અને પરસ્પર સહકારની ભાવના મજબૂત હોવાથી વિકાસ કાર્યોમાં લોકોનો સહયોગ સતત મળતો રહે છે. છેલ્લી બે ટર્મથી ચૌધરી પરિવાર ગ્રામ પંચાયતનું સુકાન સંભાળી રહ્યો છે. હાલમાં મહેન્દ્રભાઈ ચૌધરી પુના ગામના સરપંચ તરીકે સેવા આપી રહ્યા છે. એ પહેલાં તેમનાં પત્ની સેવારત હતાં. પુના ગામમાં ચૌધરી, રાઠોડ, પારસી, પટેલ, પરમાર તથા રાજપૂત સમાજના લોકો વસે છે અને મોટા ભાગના રહેવાસીઓ શિક્ષિત છે. ખાસ કરીને ચૌધરી સમાજના લોકો મામલતદાર, બેંક મેનેજર, રેલવે કર્મચારી, શિક્ષક, ફોરેસ્ટ વિભાગ સહિત વિવિધ સરકારી અને ખાનગી ઉચ્ચ હોદ્દાઓ પર ફરજ બજાવી રહ્યા છે, જે ગામ માટે ગૌરવની વાત છે. આ ગામમાં 80 ટકા લોકો શિક્ષિત છે.

## મનોરમ પુસ્તકાલય: પુના ગામનું જ્ઞાનતીર્થ

એક સમયે આદિવાસી વિસ્તારોમાં શિક્ષણનું પ્રમાણ ખૂબ ઓછું હતું, પરંતુ આજે મોટા ભાગના ગામોમાં ભણતર પ્રત્યે જાગૃતિ જોવા મળે છે. પુના ગામે તો વર્ષોથી જ શિક્ષણને વિકાસનું મુખ્ય સાધન બનાવ્યું છે. અહીં આવેલું 'મનોરમ પુસ્તકાલય' આજે ગ્રામીણ વિસ્તારમાં જ્ઞાનનું મહત્વપૂર્ણ કેન્દ્ર બની ગયું છે. આ પુસ્તકાલય માત્ર પુસ્તકોનો સંગ્રહ નથી, પરંતુ આસપાસના અનેક ગામોના આદિવાસી યુવાનો માટે કારકિર્દી ઘડવાનું સશક્ત માધ્યમ બની રહ્યું છે. ખાસ કરીને અંતરિયાળ વિસ્તારોના તે યુવાનો, જેમને શહેરી સુવિધાઓ કે મોંઘા ક્લાસિસ પરવડે નહીં, તેમના માટે આ પુસ્તકાલય આશીર્વાદરૂપ સાબિત થયું છે. અહીં શાંત અને શિસ્તબદ્ધ વાતાવરણમાં યુવાનો સ્પર્ધાત્મક પરીક્ષાઓ, જીપીએસસી સહિત વિવિધ સરકારી ભરતીઓની તૈયારી કરે છે. આ પુસ્તકાલયની સફળતાનો શ્રેષ્ઠ પુરાવો એ છે કે અહીં અભ્યાસ કરીને અનેક યુવાનો આજે સરકારી નોકરી મેળવી પોતાના ભવિષ્યને ઉજ્જવળ બનાવી ચૂક્યા છે. સમાજમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ લાવવા અને આદિવાસી સમાજના યુવાનોને મુખ્ય પ્રવાહમાં લાવવામાં 'મનોરમ પુસ્તકાલય' એક આધારસ્તંભ સમાન ભૂમિકા ભજવી રહ્યું છે.

## ૯૯ વર્ષ પહેલાં પ્રગટેલી શિક્ષણની જ્યોત

સુરત જિલ્લાનું પુના ગામ આજે શિક્ષણ ક્ષેત્રે એક મિસાલ બની ગયું છે. આ સફળતા પાછળ વર્ષો પહેલાંના વડવાઓની દૂરંદેશી અને કોઠાસૂઝ મુખ્ય કારણરૂપ રહી છે. આદિવાસી સમાજના બાળકો શિક્ષિત બની સમાજના મુખ્ય પ્રવાહમાં જોડાય, તેવા ઉમદા હેતુથી અહીં શિક્ષણનો પાયો નંખાયો હતો.

સુરત જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત પુના પ્રાથમિક શાળાની સ્થાપના 1 ઑક્ટોબર, 1927ના રોજ કરવામાં આવી હતી. આ શાળાએ પોતાના અસ્તિત્વના 99 વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા છે અને હવે ગૌરવભેર સદી તરફ આગળ વધી રહી છે. દાયકાઓ પહેલાં વાવાયેલું આ શૈક્ષણિક બીજ આજે એક ઘટાદાર વટવૃક્ષ બની ચૂક્યું છે. આ શાળા માત્ર અક્ષરજ્ઞાન પૂરતું સીમિત ન રહી, પરંતુ મૂલ્યઆધારિત શિક્ષણ આપવા માટે પણ જાણીતી છે. શાળાના પ્રાંગણમાં પ્રવેશતા જ સકારાત્મક ઊર્જાનો અનુભવ થાય છે. દીવાલો પર દોરાયેલ કક્કા-બારખડી અને આકર્ષક શૈક્ષણિક ચિત્રો બાળકોને રમતાં-રમતાં શીખવા પ્રોત્સાહિત કરે છે.

વડવાઓના આશીર્વાદ અને શિક્ષકોની અવિરત મહેનતના પરિણામે આજે આ ગામના અનેક યુવાનો ભણી-ગણીને ઉચ્ચ હોદ્દાઓ પર પહોંચ્યા છે. રેલવે સહિત વિવિધ સેવાકીય ક્ષેત્રોમાં આ શાળાના પૂર્વ વિદ્યાર્થીઓએ પુના ગામનું નામ રોશન કર્યું છે. આ શાળા સાબિત કરે છે કે મજબૂત ઈચ્છાશક્તિ હોય તો અંતરિયાળ વિસ્તારોમાં પણ જ્ઞાનનો સૂર્ય તેજસ્વી બની શકે છે.



મનોરમ પુસ્તકાલય


પ્રાથમિક શાળા




ઘર

## વેરા વસૂલાતમાં સમગ્ર માંડવી તાલુકામાં પ્રથમ સ્થાન

પુના ગ્રામ પંચાયત આજે વિકાસના પંથે નવી ઊંચાઈઓ સર કરી રહી છે. પંચાયતના શાસકોની દીર્ઘદૃષ્ટિ અને વહીવટી કોઠાસૂઝને કારણે ગામમાં અનેક વિકાસ કાર્યો ગતિમાન બન્યાં છે. પંચાયતની સફળતાનું મુખ્ય કારણ તેની મજબૂત આર્થિક વ્યવસ્થા અને અસરકારક વેરા વસૂલાત છે.

ગત નાણાકીય વર્ષ 2024-25 દરમિયાન પુના ગ્રામ પંચાયતે પ્રશંસનીય કામગીરી કરી સમગ્ર માંડવી તાલુકામાં વેરા વસૂલાતમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ગ્રામજનોના સહકાર અને પંચાયતની સક્રિયતાના પરિણામે કુલ 80.63 ટકા જેટલો વેરો વસૂલ કરવામાં આવ્યો છે. આ ઉત્કૃષ્ટ સિદ્ધિ બદલ માંડવી તાલુકા પંચાયતના પ્રમુખ દિલીપભાઈ જે. ચૌધરી તથા તાલુકા વિકાસ અધિકારી આર.એલ. સોલંકી દ્વારા સંયુક્ત સહીવાળું પ્રશસ્તિપત્ર એનાયત કરી ગ્રામ પંચાયતને સન્માનિત કરવામાં આવી હતી. તાલુકા સ્તરે પ્રાપ્ત થયેલી આ ગૌરવપૂર્ણ સિદ્ધિ પુના ગામના પારદર્શક વહીવટ અને જનભાગીદારીનું ઉત્તમ ઉદાહરણ છે.